| PUBLICATION NAME : | Sandesh (City Life) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 13/10/2023 |
| PAGE : | 1 |

### EDIIમાં હિમાચલપ્રદેશના રાજ્યપાલે કહ્યું

# આંત્રપ્રિન્યોરશિપ ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ છે

## EDIIમાં અમૃત કા લકા ભારત વિષય પર ટોક યોજાઈ

સિટી લાઇફ । હિમાચલપ્રદેશના રાજ્યપાલ શિવપ્રતાપ શુક્લાએ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) ખાતે અમૃત કાલ કા ભારત પર વિશેષ પ્રવચન આપ્યું હતું. તેઓએ કહ્યું કે, ભારત માત્ર એક બજાર નથી, તે નવીનતાનું સ્થળ છે. નાણાકીય ક્રાંતિ, શિક્ષણમાં સફળતા, કરવેરા ક્રાંતિ, સર્વસમાવેશક વૃદ્ધિ પર ભાર એ ભારત સરકારની કેટલીક સિદ્ધિઓ છે. લોકોની મૂળભૂત સમસ્યાઓને સમજ્યા પછી અને પાયાની જરૂરિયાતો પૂરી થાય તે સુનિશ્ચિત કરીને પાયાના લોકો સુધી પહોંચવાની ભારત સરકારની કામગીરી ખૂબ જ પ્રશંસનીય છે. વિકાસની આ પ્રક્રિયાને સ્વીકારવા અને તેમાં ભાગ લેવા બદલ હું લોકોની પણ પ્રશંસા કરું છું. અમારી સિદ્ધિઓ દેશની સિદ્ધિઓ સાથે સુસંગત થઈ રહી છે અને હું માનું છું કે આ જ અમૃત કાળ છે. આંત્રપ્રિન્યોરશિપ વિશે વાત કરતાં હું કહીશ કે, તે સમૃદ્ધ અર્થતંત્રની કરોડરજ્જુ છે. તે નવીનતા, જોખમ લેવાની ભાવના અને કંઈક નવું અને મૂલ્યવાન બનાવવાની ઝંખનાને મૂર્ત બનાવે છે. અમૃત કાળ યુવાનો, મહિલાઓ, કારીગરો અને નાગરિકોને આધુનિક ડિજિટલ ટેકનિક્સ અને વૈશ્વિક બજારોમાં પ્રવેશ સાથે સશક્ત અને કુશળ સેગમેન્ટમાં જોવા માટે ઉત્સુક છે.